મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૬-૧૭ માં ચાલુ બાબતે
પ્લાન સદરે માંગણી નં.૯,૯૫ અને ૯૬ (CSS)હેઠળ થયેલ બજેટ
જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૧૨૭૮/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨ /૦૪/૨૦૧૬

વંચાણે લીધા:-

**(૧)ભારત સરકારનો તા.૨૮/૧૦/૨૦૧૫નો પત્ર ક્રમાંક:૩૨/pso/fs/2015**

(૧) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૭/૦૪/૧૬ના પત્ર ક્રમાંક:મભય/હસબ/ મંજુરી/૨૦૧૬/૩૪૪૮-૫૦

ઠરાવ –

ભારત સરકારના સંદર્ભ-(૧) ના પત્રથી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત નવી ફંડીંગ પેટર્નમાં ભારત સરકારનો ૬૦ % હિસ્સો અને રાજ્ય સરકારનો ૪૦ % હિસ્સો સને.૨૦૧૫-૧૬ના નાણાકિય વર્ષથી લાગુ પાડવામાં આવેલ છે. કેટલીક બાબતે ભારત સરકાર તરફથી મળતી ૧૦૦ % મુજબની ગ્રાન્ટમાં ફૂડ ગ્રેઇન,ટ્રાન્સપોટેશન,એમ.એમ.ઇ અને કિચન ડિવાઇસીસનો સમાવેશ થાય છે.સને.૧૬-૧૭માં ચાલુ બાબતે માંગણી નં.૯(પ્લાન)CSS ૨૨૩૬ પોષણ બજેટ સદરે રુ.૩૩૭૦૩.૫૫ લાખ, માંગણી નં.૯૫(પ્લાન) CSS ૨૨૩૬ પોષણ બજેટ સદરે રુ.૪૨૭૧.૧૬ લાખ અને માંગણી નં.૯૬(પ્લાન)CSS ૨૨૩૬ પોષણ બજેટ સદરે રુ.૮૩૩૫.૯૧ લાખની મળીને કુલ રુ.૪૬૩૧૦.૬૨ લાખની નીચે મુજબની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા કમિ.મ.ભો.યો.દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

માંગણી નં.૯ (પ્લાન)CSS-૬૦ % મુજબ

| ક્રમ | યોજનાનું નામ | ૬૦%ભારત સરકારનો હિસ્સો | ૧૦૦%ભારત સરકારનો હિસ્સો | કુલ રકમ (રુ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | કુકીંગ કોસ્ટ | ૨૩૮૫૮.૧૩ | – | ૨૩૮૫૮.૧૩ |
| ૨ | રસોઇયાના માનદ વેતન | ૩૯૩૬.૮૬ | – | ૩૯૩૬.૮૬ |
| ૩ | ટ્રા ન્સપોર્ટેશન | – | ૭૦૬.૦૬ | ૭૦૬.૦૬ |
| ૪ | એમ.એમ.ઇ. | – | ૫૮૯.૫૭ | ૫૮૯.૫૭ |
| ૫ | અનાજ (ઘૌઅને ચોખા) | – | ૪૬૧૨.૯૩ | ૪૬૧૨.૯૩ |
| | કુલ | ૨૭૭૯૪.૯૯ | ૫૯૦૮.૫૬ | ૩૩૭૦૩.૫૫ |

માંગણી નં.૯૫(પ્લાન)CSS–૬૦ % મુજબ

| ક્રમ | યોજનાનું નામ | ૬૦%ભારત સરકારનો હિસ્સો | ૧૦૦%ભારત સરકારનો હિસ્સો | કુલ રકમ (રુ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | કુકીંગ કોસ્ટ | ૨૯૦૩.૭૪ | – | ૨૯૦૩.૭૪ |
| ૨ | રસોઇયાના માનદ વેતન | ૫૪૬.૭૯ | – | ૫૪૬.૭૯ |
| ૩ | ટ્રા ન્સપોર્ટેશન | – | ૯૮.૦૬ | ૯૮.૦૬ |
| ૪ | એમ.એમ.ઇ. | – | ૮૧.૮૯ | ૮૧.૮૯ |
| ૫ | અનાજ (ધૌઅને ચોખા) | – | ૬૪૦.૬૮ | ૬૪૦.૬૮ |
| | કુલ | ૩૪૫૦.૫૩ | ૮૨૦.૬૩ | ૪૨૭૧.૧૬ |

માંગણી નં.૯૬(પ્લાન)CSS–૬૦ % મુજબ

| ક્રમ | યોજનાનું નામ | ૬૦%ભારત સરકારનો હિસ્સો | ૧૦૦%ભારત સરકારનો હિસ્સો | કુલ રકમ (રુ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | કુકીંગ કોસ્ટ | ૫૮૭૪.૫૬ | – | ૫૮૭૪.૫૬ |
| ૨ | રસોઇયાના માનદ વેતન | ૯૮૪૨૧ | – | ૯૮૪.૨૧ |
| ૩ | ટ્રા ન્સપોર્ટેશન | – | ૧૭૬.૫૨ | ૧૭૬.૫૨ |
| ૪ | એમ.એમ.ઇ. | – | ૧૪૭.૩૯ | ૧૪૭.૩૯ |
| ૫ | અનાજ (ધૌઅને ચોખા) | – | ૧૧૫૩.૨૩ | ૧૧૫૩.૨૩ |
| | કુલ | ૬૮૫૮.૭૭ | ૧૪૭૭.૧૪ | ૮૩૩૫.૯૧ |

૨/ સને.૧૬–૧૭માં ચાલુ બાબતે માંગણી નં.૯(પ્લાન)CSS ૨૨૩૬ પોષણ બજેટ સદરે રુ.૩૩૭૦૩.૫૫ લાખ, માંગણી નં.૯૫(પ્લાન) CSS ૨૨૩૬ પોષણ બજેટ સદરે રુ.૪૨૭૧.૧૬ લાખ અને માંગણી નં.૯૬(પ્લાન)CSS ૨૨૩૬ પોષણ બજેટ સદરે રુ.૮૩૩૫.૯૧ લાખની મળીને કુલ રુ.૪૬૩૧૦.૬૨ લાખની ઉપર મુજબની બજેટ જોગવાઇને

નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૭) ભારત સરકારના હિસ્સાની રકમ સમયસર મેળવી લેવાની રહેશે.

(૮)તા.૧/૪/૨૦૧૬ થી ખર્ચ કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન CSS) હેઠળ ઉધારવાનું રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મ.ભો.યો. વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન CSS) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આદિજાતિ વિસ્તાર પેટાયોજના માટેનો ખર્ચ માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર(૦૩)-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન CSS) હેઠળ ઉધારવાનું રહેશે.

૬/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (શિ.)ની તા.૧૮/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.